RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 255, Dt.15-1-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પ્રયાગરાજમાં આસ્થાનો 'મહાસાગર' ઘુઘવાયો

## ૩.૫૦ કરોડ શ્રધ્ધાળુઓનું અમૃત સ્નાનઃ હર હર મહાદેવ.. હર હર ગંગેના નારા સાથે મહાકુંભનું પ્રથમ શાહી સ્નાન સંપન્નઃ હાડ થીજાવતી ઠંડીમાં વ્હેલી સવારથી શ્રધ્ધાનો સૈલાબ ઉમટયોઃ ૧૩ અખાડાના સાધુ-સંતોનું શાહી સ્નાનઃ હવે ૨૯ જાન્યુ.એ ફરી અમૃત સ્નાન

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

મકરસંક્રાંતિના દિવસે મોટી સંખ્યામાં સંતો અને ભક્તોએ મહાકુંભમાં અમળત તાાન કર્યું. ભારે ઠંડી છતાં ભારત અને વિદેશના ભકતોએ ગંગા, યમુના અને સરસ્વતીની ત્રિવેણીમાં પવિત્ર તાાન કરીને પુણ્ય મેળવ્યું. આ દરમિયાન હેલિકોપ્ટરથી ભક્તો પર ફૂલોનો વરસાદ કરવામાં આવ્યો.પ્રયાગરાજમાં, કડકડતી ઠંડીમાં પણ મોટી સંખ્યામાં લોકો પવિત્ર તાાન માટે પહોંચી રહ્યા છે. મહાકુંભના બીજા દિવસે,સાડા ત્રણ કરોડથી વધુ ભક્તો અને સંતોએ પવિત્ર ડૂબકી લગાવી.

મંગળવારે, મહાકુંભના બીજા તાાન ઉત્સવ, મકરસંક્રાંતિ પર, ૧૩ અખાડાના સંતોએ એક પછી એક અમળત તાાન કર્યું. મેળા -શાસન અનુસાર, મકરસંક્રાંતિ પર, ૩.૫૦ કરોડ ભક્તોએ ગંગા અને સંગમમાં ધાર્મિક ડૂબકી લગાવી હતી.

મુખ્યમંત્રીએ 'ડ' પર કહ્યું, શ્રદ્ધાના ભવ્ય સંગમ, મહાકુંભ ૨૦૨૫ માં પવિત્ર મકરસંક્રાંતિના શુભ અવસર પર પવિત્ર સંગમમાં શ્રદ્ધાની ડૂબકી લગાવનારા તમામ પૂજ્ય સંતો, કલ્પવાસીઓ અને ભક્તોને હાર્દિક અભિનંદન, સમાનતા અને એકતા. આજે, -થમ અમળત તાાન મહોત્સવ પર, ૩.૫૦ કરોડથી વધુ પૂજ્ય સંતો અને ભક્તોએ ત્રિવેણી તાાનનો પવિત્ર લાભ મેળવ્યો.

મુખ્યમંત્રીએ કહ્યું, પ્રથમ તાાન મહોત્સવની સફળતાપૂર્વક પૂર્ણાહુતિ પર, સનાતન ધર્મ પર આધારિત તમામ આદરણીય અખાડાઓ, મેળા વહીવટ, સ્થાનિક પોલીસ અને વહીવટ, સ્વચ્છતા કાર્યકરો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓનો હૃદયપૂર્વક આભાર અને અભિનંદન.

મહા કુંભ મેળાના મુખ્ય આકર્ષણમાં, અખાડાઓના અમળત તાાન, સૌ પ્રથમ સંન્યાસી અખાડાઓમાં, શ્રી પંચાયતી અખાડા મહાનનિર્વાણી અને શ્રી શંભુ પંચાયતી અટલ અખાડાના સંતોએ



ના નારા સાથે સંગમ ખાતે અમળત તાાન કર્યું.

મહાકુંભમાં દેશમાંથી જ નહીં, પરંતુ સમગ્ર દુનિયામાં શ્રદ્ધાળુઓ આવ્યા છે. હાજર રહેનારા વિદેશી પર્યટકોએ પણ પોતાને ભાગ્યશાળી ગણાવીને ભારતીય સંસ્કળતિથી મંત્રમુગ્ધ થયા હતા. આજે મહાકુંભમાં હાજર રહેનારા લોકોનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. વાઈરલ વીડિયોમાં તાાન કરવા માટે આગળ વધતા ભકતોનું જાણે ઘોડાપુર આવ્યું હોય એમ જણાયું હતું. વીડિયોમાં ભકતોની જનમેદનીનું સ્વરુપ અદ્વિતીય જણાયું હતું. ચારેબાજુ ભગવો રંગ અને આધ્યાત્મિક ઊર્જાનો ભંડાર જોવા મળ્યો હતો.

અમળત તાાન પછી, મહાનિર્વાણી અખાડાના મહામંડલેશ્વર ચેતનગિરિ જી મહારાજે પીટીઆઈને જણાવ્યું, દર ૧૨ વર્ષે -યાગરાજમાં પૂર્ણ કુંભનું આયોજન થાય છે અને જ્યારે ૧૨ પૂર્ણ કુંભ હોય છે, ત્યારે આ મહાકુંભ ૧૪૪ વર્ષ પછી આવે છે. ખૂબ જ ભાગ્યશાળી લોકોને મહાકુંભમાં તાાન કરવાની તક મળે છે. મહાનિર્વાણી અખાડાના ૬૮ મહામંડલેશ્વરો અને હજારો સંતોએ અમળત તાાન કર્યું.

# રાજકોટ સહિત દેશના ૯૪ શહેરો માટે ટ્રાફિક વ્યવસ્થાનો નવો પ્રોજેક્ટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર ટ્રાફિક જામથી પીડિત શહેરોમાં રસ્તાઓની ભીડ ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ યોજના પર કામ કરી રહી છે. રાજ્યના પાટનગરો સહિત ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા ૯૪ શહેરોમાં ટ્રાફિક જામની સમસ્યાને કાયમી ધોરણે ઉકેલવા માટે સરકારે રિંગ રોડ, બાયપાસ અને અન્ય પગલાં લેવાની યોજના બનાવી છે.

તેની વિગતો નાણાં મંત્રાલયની મંજૂરી બાદ જાહેર કરવામાં આવશે. શહેરી પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ યોજનામાં રાજ્યો પણ મહત્વની ભૂમિકા ભજવશે. જમીન સંપાદનનો ખર્ચ ઉઠાવવા ઉપરાંત તેઓએ કેટલાક વધારાના પગલાં પણ ભરવા પડશે. આ પછી મંત્રાલય કોરિડોર આધારિત રોડ નિર્માણ તરફ આગળ વધશે.

આ યોજનામાં જે શહેરોની ઓળખ કરવામાં આવી છે તેમાં ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉ તેમજ વારાણસી, પ્રયાગરાજ, કાનપુર, આગ્રા, મુરાદાબાદ, ગાઝિયાબાદ, મેરઠ, બરેલી અને મધ્ય પ્રદેશમાં ભોપાલ તેમજ ઈન્દોર, જબલપુર, ગ્વાલિયર અને ઉજ્જૈનનો સમાવેશ થાય છે.અધિકારીએ જણાવ્યું હતું કે ઘણી રાજ્ય સરકારો રોયલ્ટી માફ કરવા તેમજ ૠજ્જ્ઞ માટે વળતર જેવા પગલાં માટે સંમત થઈ છે અને તેમના સકારાત્મક વલણ બાદ મંત્રાલયે તેનો પ્રસ્તાવ નાણા મંત્રાલયને મોકલ્યો



છે. યોજના હેઠળ શહેરોમાં કામ અગ્રતાના ધોરણે થશે એટલે કે જ્યાં વધુ ભીડ હશે ત્યાં પહેલા કામ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ત્રીસ શહેરો લેવામાં આવી શકે છે. શહેરોમાં ટ્રાફિક જામની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે રિંગ રોડ કે બાયપાસની જરૂર છે કે કેમ તે અંગેનું મૂલ્યાંકન ખુદ રાજ્યોએ કરવાનું છે. અધિકારીએ જણાવ્યું હતું કે હાઈવે એક્સપ્રેસ વે ઘણા શહેરો નજીકથી પસાર થાય છે અને તેમના સુધી પહોંચવું અનુકૂળ છે. જેના કારણે હાલના રસ્તાઓ પર દબાણો છે. તેથી, મંત્રાલય આ ૯૪ શહેરોમાં આ ઉણપને દૂર કરવા જઈ રહ્યું છે.જામમાંથી છુટકારો મેળવવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું હશે, કારણ કે તેનાથી જૂના રસ્તાઓ પર દબાણ ઘટશે. સુરત, વડોદરા, રાજકોટ, ઔરંગાબાદ, પુણે, નાગપુર, થાણે, લુધિયાણા, અમૃતસર, નાસિક, ફરીદાબાદ, ગુરુગ્રામ, ધનબાદ, કોઈમ્બતુર, જોધપુર, કોટા અને મદુરાઈ પણ એવા શહેરોમાં સામેલ છે જ્યાં રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રી આ સમસ્યાના ઉકેલ માટે પ્રયાસો કરી રહી છે.

અધિકારીએ કહ્યું કે આ યોજના હેઠળ પાઈલટ પ્રોજેક્ટ આ વર્ષે શરૂ થશે, પરંતુ તે પહેલા નાણાં મંત્રાલયના સહયોગથી નીતિને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ નીતિમાં પરિવહનની પદ્ધતિઓનું એકીકરણ પણ સામેલ છે.

# ભાગવતના વિધાનો બંધારણનું અપમાન : રાહુલ ગાંધી

- ભાગવતના વિધાનો દર્શાવે છે કે, તેઓ આઝાદીની લડાઇને લોકોના બલિદાનને સ્વીકારવા માંગતા નથી



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અયોધ્યામાં રામ મંદિરની સ્થાપના સાથે ભારતને સાચી આઝાદી મળી છે તેવા સંઘ વડા મોહન ભાગવતના વિધાનો પર હવે રાહુલ ગાંધીએ પ્રતિભાવ આપતા કહ્યું કે, મોહન ભાગવતે દેશના બંધારણનું અપમાન કર્યું છે.

આજે દિલ્હીમાં કોંગ્રેસના નવા કાર્યાલયના ઉદઘાટનમાં શ્રી રાહુલ ગાંધીએ કહ્યું કે ભાગવતના વિધાનો દેશ દ્રોહ અને બંધારણના અપમાન જેવા છે. તેઓ કહે છે કે બંધારણીય આપણી સ્વતંત્રતાનું પ્રતિક નથી પરંતુ તેઓ દર બે-ત્રણ દિવસે દેશને બતાવવા માંગે છે કે સ્વતંત્રતા આંદોલન અને બંધારણ અંગે તેમના વિચારો શું છે, કાલે જે તેમણે કહ્યું તે વિધાનો અસાધારણ છે.

દેશ દ્રોહ સમાન છે, સંવિધાન તેમને માન્ય નથી અને આઝાદીની લડાઈ પણ તેઓ સ્વીકારતા નથી. ભારતમાં તેઓ આ કહી શકે છે કે બીજા દેશમાં હોત તો તેમની ધરપકડ કરવામાં આવી હોત અને કેસ ચાલ્યો હોત. તેઓ એવું કહેવું માંગે છે કે ૧૯૪૭માં આઝાદી મળી નથી તે દેશના દરેક લોકોનું અપમાન છે. આપણે હવે સમય આવી ગયો છે કે તેમનો બકવાસ સાંભળવાનું બંધ કરી દેવું જોઈએ. કારણ કે લોકો વિચારે છે કે તે ફકત બોલતા રહેશે અને ચીલ્લાતા રહેશે.

# સાઉદીએ દેશમાં આવતા પ્રવાસીઓ માટે નવો નિયમ જારી કર્યો:મેનિન્જાઈટીસ'ની વેકસીન ફરજીયાત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સાઉદીએ ઉમરાહ અને ટ્રાવેલ વિઝા સાથે દેશમાં આવતા પ્રવાસીઓ માટે એક નવો નિયમ જારી કર્યો છે. તેનો હેતુ દેશમાં કોઈપણ પ્રકારના ચેપી રોગના ફેલાવાને રોકવાનો છે.

સામાન્ય રીતે દર વર્ષે લાખો ભારતીયો સાઉદી અરેબિયા જાય છે. વર્ષ ૨૦૨૨ માં લગભગ ૨.૫ મિલિયન ભારતીય નાગરિકોએ સાઉદી અરેબિયાની મુલાકાત લીધી હતી. આ આંકડો ૨૦૩૦ સુધીમાં વધીને ૭.૫ મિલિયન થવાની સંભાવના છે.

ત્યારે અહીંની સરકારે સાઉદી આવતા પ્રવાસીઓ માટે મેનિન્જાઈટિસની વેકિસન લેવી ફરજિયાત કરી દીધી છે. એટલે તેનો અર્થ એ થયો કે, હવે અહીં આવતા



પ્રવાસીઓએ મુસાફરીના ૧૦ દિવસ પહેલા મેનિન્જાઈટિસ વેક્સિન લીધી હોવાનું પ્રમાણપત્ર બતાવવું પડશે. જોકે, એક વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આ નિયમમાંથી બાકાત રાખવામાં આવ્યા છે.

સાઉદી સિવિલ એવિએશન ઓથોરિટીએ એરલાઈન્સને આ નિયમનું પાલન સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

તે હેઠળ એરલાઈન્સે ચકાસવું પડશે કે, મુસાફરી કરી રહેલા તમામ મુસાફરો પાસે વેકિસન લીધી હોવાનું પ્રમાણપત્ર છે. એટલું જ નહીં, પોલિયો રસીકરણ માટે માર્ગદર્શિકા પણ જારી કરવામાં આવી છે.

# દિલ્હી સહિત ૨૦ રાજયોમાં છવાઈ ગાઢ ધુમ્મસ

## પાટનગર ઉપરાંત પંજાબ - હરિયાણા સહિત કેટલાંક રાજયોમાં વિઝીબીલીટી ઝીરો : હિમાચલ જેવા ભાગોમાં શીતલહેર વચ્ચે તાપમાન માઈનસમાં : રેલ્વે - વિમાની તથા માર્ગ વ્યવહાર પ્રભાવીત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશના અનેક રાજયોમાં હવામાનમાં અસામાન્ય ફેરફાર જોવા મળી રહ્યા છે. પાટનગર દિલ્હીમાં આજે ફરી ગાઢ ધુમ્મસનું આવરણ છવાઈ ગયુ હતું અને દિલ્હી ગાયબ થઈ ગયાનો માહોલ ઉભો થયો હતો.

દેશના ૨૦ રાજયોમાં ગાઢ ધુમ્મસને કારણે વાહન વ્યવહારથી માંડીને જનજીવન પ્રભાવીત થયુ હતું. આવતા બે દિવસ પર્વતીય રાજયોમાં હિમવર્ષા સાથે હવામાન ખરાબ બનવાની ચેતવણી આપવામાં આવી છે.

પાટનગર દિલ્હી તથા એનસીઆરમાં આજે ફરી મૌસમે કરવટ બદલી હતી અને સમગ્ર ક્ષેત્ર ગાઢ ધુમ્મસની આગોશમાં સમાઈ ગયુ હતું.વિઝીબીલીટી ઝીરો થઈ જવા સાથે માર્ગ પરનો વાહન વ્યવહાર ઉપરાંત રેલ્વે તથા વિમાની વ્યવહાર પ્રભાવીત થયો હતો.

એક ઈમારતથી બીજી ઈમારત પણ ન દેખાય તેટલુ અસામાન્ય ધુમ્મસ જોવા મળ્યુ હતું હવામાન વિભાગ દ્વારા ૧૭ જાન્યુઆરી સુધી ધુમ્મસનું યલ્લો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.સાંજે હળવો વરસાદ થવાની આગાહી છે જેને પગલે કાતિલ ઠંડીનો રાઉન્ડ સર્જાઈ શકે છે.

ઉતર અફઘાનીસ્તાન તથા પાકિસ્તાન ક્ષેત્રમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે હવામાન ખરાબ બન્યુ છે.જમ્મુ-કાશ્મીર સુધી વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસર છે તેના પ્રભાવ હેઠળ ઉતરીય રાજસ્થાન તથા પંજાબ પર સાયકલોનીક સરક્યુલેશન ઉદભવી શકે છે.

હવામાન વિભાગનાં રીપોર્ટ પ્રમાણે હિમાચલ પ્રદેશથી માંડીને ૨૦ રાજયોમાં ગાઢ ધુમ્મસ છવાયું હતું. દિલ્હી, પંજાબ, હરીયાણા સહીત અનેક રાજયોમાં વિઝીબીલીટી ઝીરો થઈ ગઈ હતી. પરીણામે ટ્રેન-વિમાની સેવાનાં શિડયુલ ખોરવાયા હતા. ઉતર-પશ્ચિમ તથા તેને લાગુ મધ્ય ભારતમાં કાતિલ ઠંડીનો દોર રહ્યો હતો.

રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ અપર એર



સાયકલોનીક સરકયુલેશનની અસર હેઠળ ૧૭ જાન્યુઆરી સુધી જમ્મુ-કાશ્મીર લદાખ, ઉતરાખંડ, હિમાચલમાં હિમવર્ષા તથા વરસાદ પડવા સાથે હવામાન ખરાબ થશે. ૧૮ જાન્યુઆરીએ ફરી હિમાલયન ક્ષેત્રમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થશે અને ૧૮-૨૦ જાન્યુઆરીમાં ફરી હિમવર્ષા વરસાદ થશે.

પર્વતીય રાજયોમાં ધુમ્મસ ઉપરાંત શીત લહેરનો દોર યથાવત રહ્યો હતો હિમાચલમાં અનેક ક્ષેત્રોમાં પારો શુન્યથી નીચે હતો.રોહતાંગ ટનલે વાહ વ્યવહાર અટકાવાયો હતો. તાબોમાં તાપમાન માઈનસ ૧૨.૭ કેલાંગમાં માઈનસ ૧૦.૩ ડીગ્રી હતું.

# ઉતરાયણે નેતાઓના પતંગ ચગ્યા : પોલીટીકલ પણ થયું

## રાજકીય પતંગબાજીમાં ચાણકય અમિત શાહે અમદાવાદના ધાબા પરથી પતંગ ચગાવ્યો, મુખ્યમંત્રી પણ સાથે રહ્યા : કપાયો પણ ખરો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં પોલીટીક્સ અને પતંગ સાથે ચૌલી-દામનનો સાથ છે તે ફરી એક વખત જોવા મળ્યું. હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના ધાબા પર પતંગ ઉડાડીને સૌ નેતાઓને ઉતરાયણના દિવસે ધાબા પર ચડવાની પ્રેરણા આપી અને હવે તમામ નેતાઓ તેને ફોટો ઓપ્યુચીનીટી બનાવવાની તક જતી કરતા નથી.

ગઈકાલે દિલ્હીથી પણ મોદીએ ઉતરાયણના સંદેશમાં કહ્યું કે આજે તો ગુજરાતમાં સૌ કોઈ ધાબા પર જ હશે અને આમ કહીને પોતે આ ઉતરાયણની મજા નમીસથ કરે છે તે પણ કહી દીધું. શ્રી મોદી અમદાવાદની પોળના ધાબા પર જઈને બોલીવુડ અભિનેતા સલમાનખાને પણ પતંગ ઉડાડતો કરી દીધો હતો. તો ગઈકાલે તેમના નંબર ટુ સાથી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ જેઓએ પોલીટીકલ પતંગ ઉડાડવામાં અને કોની-કયારે કઈ રીતે કાપવી, કોને ઢીલ દેવી, કોને ફીરકી પકડાવવી અને કોને પતંગ લુંટાવા માટે વાસડાઓ સાથે શેરીમાં દોડતા કરવા તે નરણનીતિથ બનાવવામાં માહિર છે તેઓએ પણ અમદાવાદની પોળના ધાબા પર પતંગ ઉડાડી અને સૌ સાથે મજા કરી.

જોકે વાયરલ વિડીયો મુજબ અમીત શાહની પતંગ કાપવા વાળા ધાબા પર હતા અને ગઈકાલે તેમની પતંગ કપાઈ ગઈ તે પણ તમો ખેલદીલીભર્યા હાસ્ય સાથે જોતા રહ્યા હતા તો ગુજરાતમાં પતંગ એ પોલીટીકલ મેસેજનું કારણ પણ બને છે અને રાજયમાં હાલ અમરેલી લેટરકાંડ એ હોટ ટોપીક છે



તો કોંગ્રેસના નેતાઓએ પાયલ ગોટીને નન્યાયથ આપો તેવા સંદેશ સાથે પતંગો ચગાવી હતી. પતંગ ચગાવનાર ભાજપના નેતાઓ પણ પાયલ ગોટીને ભુલ્યા નહી ખાસ કરીને આ પ્રકરણ બહાર આવ્યા બાદ મૌન બની ગયેલા ભાજપના નેતાઓના મોઢે રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલાએ શબ્દો આપ્યા અને પાયલ ગોટીને અન્યાય થયો છે. પોલીસે ઉતાવળ કરી છે તેવું કહ્યા બાદ ગઈકાલે રાજકોટમાં પતંગ ઉડાડતા પુર્વે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ રાજય સરકાર નયોગ્યથ કરશે તેવુ કહી દીધું.

# દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યુન સુક ઓલની હાઈવોલ્ટેજ ડ્રામા બાદ ધરપકડ

**મુખ્ય સમાચાર,સિઓલ**

દક્ષિણ કોરિયામાં એક તબકકે માર્શલ-લો સ્થાપી પોતાની સતા કાયમ રાખવાનો પ્રયાસ કરનાર રાષ્ટ્રપતિ યુન સુક ઓલની એક હાઈવોલ્ટેજ ડ્રામા બાદ તેમની ધરપકડ માટે ગયેલી પોલીસને ભારે વિરોધનો સામનો કરવો પડયો હતો પણ અંતે ધરપકડ કરી હતી.

રાષ્ટ્રપતિ સામે દેશની સંસદમાં મહાભિયોગનો મુકદમો ચાલી રહ્યો છે. આજે સવારે સેકડો પોલીસ કર્મચારીઓ રાષ્ટ્રપતિના નિવાસે પહોચ્યા હતા. દેશની ભ્રષ્ટાચાર વિરોધી તપાસના વડાએ આ ધરપકડનો આદેશ આપતા ૩૦૦૦ જેટલા પોલીસ કર્મચારીઓએ આવાસની બહાર પડાવ નાખ્યો હતો પણ રાષ્ટ્રપતિના હજારો ટેકેદારો પણ અહી મોજૂદ હતા.

તેઓએ પોલીસ કામગીરીમાં અવરોધ પેદા કરતા બન્ને વચ્ચે ટકકર થઈ હતી પણ અંતે પોલીસે રાષ્ટ્રપતિ યુન સુક યોલની ધરપકડ કરી છે અને હવે તેઓને સલામત 'જેલ'માં રખાશે. દક્ષિણ કોરિયાએ કોઈ સીટીંગ પ્રેસીડેન્ટની ધરપકડ થઈ હોય તેવી આ પ્રથમ ઘટના છે અને હવે તેના પડઘા પર સૌની નજર છે.

યુને તા.૩ ડિસેમ્બરે દેશમાં અચાનક જ માર્શલ લો જાહેર કરી સૌને આઘાત-આશ્ચર્યમાં મુકી દીધા હતા. જો કે સંસદ તથા સંસદ બહાર તેનો ભારે વિરોધ થતા થોડા જ કલાકોમાં તેઓને આ માર્શલ લો દૂર કરવો પડયો હતો પણ તે બાદ દેશની સંસદમાં રાષ્ટ્રપતિ સામે મહાભિયોગ મુકદમો શરુ કરી



તેમને પદ પરથી દુર કરવાની માંગણી સાથે મતદાન થયુ છે પણ હજુ દેશના બંધારણ મુજબની પ્રક્રિયા બાકી છે.

પોલીસે પ્રમુખના આવાસમાં પ્રવેશવા ઈમરજન્સી માર્ગનો ઉપયોગ કર્યો હતો અને બાદમાં મૂળ રાષ્ટ્રપતિએ એક વિડીયો સંદેશમાં તેઓ સાથેની કાર્યવાહીને ગેરકાનુની ગણાવી હતી અને તેઓ ખુદ તમામ અધિકારી સામે હાજર થઈ રહ્યા હોવાનો દાવો કર્યો હતો અને કોઈ તોફાન ન સર્જાય તેથી તેઓ આ નિર્ણય લઈ જવાનો દાવો કર્યો હતો.

# પવનદેવની અનહદ કૃપાથી પતંગ રસિયાઓને પડી મોજ

## આકાશમાં છવાયુ રંગબેરંગી પતંગોનું ઈન્દ્રધનુષ : રાજકોટ, ખંભાળીયા, ભાયાવદર, ભાવનગર સહિતના શહેરોમાં પતંગોત્સવની ઉજવણી સાથે લોકોએ દાન પુણ્ય કરીને ભાથું બાંધ્યુ : ધાબા પર શેરડી, જીંજરા, બોરની જમાવટ : ડી.જે.ના સુરો ગુંજ્યા







(તસ્વીરઃ આનંદ જાવિયા)







રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ઉત્તરાયણ-મકરસંક્રાંતિ પર્વની અનેરા ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાંઆવી હતી. અગાશીઓ પર આબાલ-વૃધ્ધોએ આકાશમાં પતંગો ચડાવીને ભરપુર આનંદ માણ્યો હતો. એ કાઈપો છેના નારા ગુંજી ઉઠયા હતા. રંગબેરંગી પતંગોથી આકાશ છવાઈ ગયું હતું. અગાસી પર પતંગબાજો તથા પરિવારના સભ્યોએ શેરડી, બોર, જીંજરા આરોગીને મોજ માણી હતી. મકરસંક્રાંતિ એટલે દાન પુણ્યનો મહા અવસર ગણાય છે. લોકોએ ગૌમાતાનું પૂજન તથા ગાયોને ઘાસચારો ધર્યો હતો. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આવેલી પાંજરાપોળ તથા ગૌશાળા માટે લોકોએ યથાશકિત રકમ લખાવીને પુણ્યનું ભાથુ બાંધ્યું હતું. રાજકોટમાં ગઈકાલે મકરસંક્રાંતિ પર્વની ઉજવણી અનેરા ઉલ્લાસ સાથે થઈ હતી. ગઈકાલે પવન દેવે સાથ આપતા પતંગબાજોને પતંગ ઉડાડવામાં મોજ પડી ગઈ હતી. આકાશમાં રંગબેરંગી પતંગોની રંગોળી જોવા મળતી હતી. અગાસી ઉપર ડી.જે.ના સુરો સાથે પતંગ ઉડાડવાની મોજ લોકોએ માણી હતી. ગઈકાલે મકરસંક્રાંતિના દિને લોકોએ ઉંધીયુ, જલેબી, ખીચડો ખાઈને પર્વની ઉજવણી કરી હતી.ગુજરાત પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુકત ઉપક્રમે સોમવારે દ્વારકા નજીક આવેલા શિવરાજપુર બીચ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શિવરાજપુર દરિયાકાંઠા વિસ્તારના બ્લુ ફ્લેગ બીચ ખાતે સોમવારે દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત પ્રમુખ રિધ્ધિબા જાડેજાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલા આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ગ્રીસ, ઈટલી, પોલેન્ડ, સ્વિત્ઝરલેન્ડ સહિત ૧૪ દેશના અને ૨ રાજ્યના પતંગબાજોની આકાશમાં ઊડતી અવનવી અને રંગબેરંગી પતંગો આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ આયોજનમાં દેશ-વિદેશના પતંગબાજો, ગ્રામજનો, મહેમાનો તથા અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજનથી પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. અહીં આવેલા વિદેશી મહેમાનોનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહેમાનોએ પણ પતંગબાજો સાથે પતંગ ચગાવીને ઉત્સવની ઉજવણી કરી હતી. આ સાથે અહીં સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો.

## ઉત્તરાયણ પર ઊંધિયાની જયાફત માણતા શહેરીજનો: દુકાનો બહાર લાગી લાંબી કતાર





(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગુજરાતમાં ઉતરાયણની ઉજવણી ધામધૂમથી થઈ રહી છે. ઉત્તરાયણ હોય અને ગુજરાતમાં ઊંધિયું ન હોય તે કેવી રીતે ચાલે, આજે વહેલી સવારથી જ બજારોમાં ઊંધિયું, ફાફડા – જલેબી, ચિક્કીની ખરીદી કરવા માટે લાંબી કતારો જોવા મળી રહી છે. ઊંધિયાના ભાવમાં ધરખમ વધારો થયો હોવા છતા લોકોએ ઊંધિયાની મજા માણવા માટે સવારે ૬ વાગ્યાથી લોકો લાઈનમાં ઉભા રહ્યાં છે. રાજકોટવાસીઓ એક જ દિવસે લાખો રૂપિયાનું ઊંધિયું ખાય જાય છે. સવારથી જ ઉંધીયાના સ્ટોલ અને દુકાનોમાં ઊંધિયું ખરીદવા લોકોની લાંબી લાઈન લાગી છે. રાજકોટમાં પણ ઉત્તરાયણના પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી છે. ત્યારે આજે વહેલી સવારથી લોકોએ ઊંધિયુ જલેબીની જયાફત માણી છે. સવારથી ઊંધીયું સાથે જલેબી અને ખીચડાની ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી રહી છે. ગત વર્ષ કરતા ૪ થી ૫ ટકાનો ભાવમાં વધારો જોવા મળ્યો છે.

## કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈને ૧૪ જાન્યુઆરીએ ૪૬૩ ઘાયલ પક્ષીઓની સારવાર કરી





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનિમલ હેલ્પલાઈન દ્વારા પપક્ષી બચાવો અભિયાન-૨૦૨૫થ શરૂ કરવામાં આવ્યું છે. જેના દ્વારા મકરસંક્રાતિના દિવસે ૧૪મી જાન્યુઆરીએ પતંગની દોરીથી ઘાયલ થયેલા ૪૬૩ પક્ષીઓની સારવાર કરવામાં આવી, જેમાં ૪૫૩ કબૂતર, ૪ સમડી, ૨ હોલા, ૨ રણ કાગડા, ૧ પોપટ અને ૧ ચકલીનો સમાવેશ થાય છે. ૧૫મી જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યા સુધીમાં વધુ ૧૦૭ ઘાયલ પક્ષીઓને સારવાર માટે લાવવામાં આવ્યા છે.

આ પકરુણા અભિયાનથ અંતર્ગત રાજકોટના ત્રિકોણબાગ ચોક ખાતે રાજ્યનો સૌથી મોટો કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. કલેકટર પ્રભવ જોષીના માર્ગદર્શનમાં શરૂ થયેલા આ કંટ્રોલ રૂમમાં મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફ ૨૪ કલાક ખડેપગે સેવા આપી રહ્યા છે. ઉતરાયણ પછી પણ એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા વર્ષના ૩૬૫ દિવસ, ૨૪ કલાક ઘાયલ પશુ-પક્ષીઓ માટેની સેવા ચાલુ રહેશે.

## ગોંડલમાં બાઈક અડવાના મામલે અજાણ્યા શખ્સે ૪ યુવાનોને છરી મારી, એક ગંભીર

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ શહેરમાં નજીવી બાબતે હિંસક ઘટના સામે આવી છે. કડિયા લાઈન વિસ્તારમાં દિલીપ દૂધીની દુકાન નજીક ઉમવાળા ચોકડી પાસે એક મજૂર પરિવાર પગપાળા જઈ રહ્યો હતો ત્યારે એક બાઈક ચાલક તેમને અડી ગયો હતો. મજૂર પરિવારે બાઈક ચાલકને ધ્યાનથી ચલાવવાનું કહેતા આવેશમાં આવી ગયેલા બાઈક ચાલકે ૪ યુવાનો પર છરીથી હુમલો કર્યો હતો.



હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા યુવાનોમાં ૨૨ વર્ષીય ઠાકુર દિત્યા શીંગાડ, ૧૬ વર્ષીય કૈલાશ દિત્યા શીંગાડ, ૨૫ વર્ષીય કમલેશ બહાદુર મીનામા અને ૧૬ વર્ષીય સાગર રમેશશીંગ ભુરિયાનો સમાવેશ થાય છે. આ ચારેય યુવાનોને પ્રાથમિક સારવાર માટે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક યુવાનને પડખામાં, બે યુવાનોને હાથમાં અને એક યુવાનને કપાળના ભાગે છરી વાગી હતી. પડખામાં ગંભીર ઈજા પામેલા યુવાનને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં ગોંડલ શહેર અ ડિવિઝન પોલીસના ડ્જઈ, સર્વેલન્સ સ્ટાફ અને કઈઈ બ્રાન્ચની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આસપાસના વિસ્તારના ઈઈઝટ ફૂટેજ તપાસવાનું શરૂ કરી દીધું છે અને ફરાર થયેલા આરોપીને પકડવા માટે વ્યાપક તપાસ શરૂ કરી છે.

ઈજાગ્રસ્ત ઠાકુર દિત્યા શીંગાડ ઉ.વ.૨૨, કૈલાશ દિત્યા શીંગાડ ઉ.વ.૧૬, કમલેશ બહાદુર મીનામા ઉ.વ. ૨૫, અને સાગર રમેશશીંગ ભુરિયા ઉ.વ.૧૬ સહિતના ચારેય યુવાનોને સારવાર અર્થે ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એક યુવાનને પડખાના ભાગે, બે યુવાનોને હાથમાં અને એકને કપાળના ભાગે છરી લાગી હતી ચારેય યુવાનોને ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેમાં પડખાના ભાગે ઈજા થનાર યુવાનને વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

સમગ્ર બનાવને લઈને ગોંડલ શહેર અ ડિવિઝન પોલીસના ડ્જઈ, સર્વેલન્સ સ્ટાફ અને કઈઈ બ્રાન્ચ ઘટના સ્થળે પોહચી હતી પોલીસ ઈઈઝટ આધારિત તપાસ કરી આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## ઠંડીનું જોર યથાવત: નલીયા ૬.૮ ડીગ્રી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં મકરસંક્રાંતિ પર પવન દેવે મોજ કરાવ્યા બાદ આજે પણ ઠંડીનો ચમકારો યથાવત રહ્યો હતો. આજે કચ્છના નલીયામાં ૬.૮, અને ભૂજમાં ૧૧.૪ ડીગ્રી, તાપમાન હતું.રાજકોટમાં પણ ૧૦.૮ ડીગ્રી ન્યુતમ તાપમાન સાથે ઠંડીનું જોર રહ્યુ હતું.આ સિવાય અમદાવાદમાં ૧૬.૨, અમરેલી ૧૩,ભાવનગર ૧૫.૪, ડીસા ૧૨.૫, પોરબંદરમાં ૧૨ ડીગ્રી પર પારો રહ્યો હતો.

જામનગર શહેરમાં મકર સંક્રાત ના પર્વ ઉપર પંતગો આકાશમાં અઅભિ શકે તેવો પવન ફૂંકાયો હતો.જેના લીધે પતંગરસીયાઓ મન ભરીને આનંદ લીધો હોય તેનું કારણે હવામાન હતું

કલેકટર કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં અડધા ડિગ્રીના વધારા સાથે ૧૪ ડિગ્રી નોંધાયું હતું.જયારે મહતમ તાપમાન ૨૪ ડીગ્રી રહ્યુ હતું.

તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૭.૩ કિમિ નોંધાઈ હતી. શહેરમાં આજે પણ ભારે બર્ફીલા પવન ના લીધેસી લોકો ઠડીમાં ઠુઠવાયા હતા. લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાયા હતા. તો ઠેર ઠેર ઠડી રાહત મેળવવા તાપણા શરૂ કર્યા હતા.

ગોહિલવાડ પંથકમાં ઠંડીનું જોર યથાવત રહ્યું છે. આજે સોમવારે પણ ભાવનગર શહેરનું લઘુત્તમ તાપમાન ૧૫.૬ ડિગ્રી રહેવા પામ્યું હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૮% રહ્યું હતું જ્યારે પવનની ઝડપ ૧૨ કિમી. પ્રતિ કલાકની રહેવા પામી હતી.

## સોની બજારમાં વેપારીનું ૧.૦૯ કરોડનું સોનું લઈ બંગાળી કારીગરો ફરાર

### તમામ ફોન બંધ કરી, ઘરને તાળા મારી ભાગી ગયા : પોલીસમાં નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની સોની બજારમાં દાગીના બનાવવાનું કામ કરતા બંગાળી કારીગરો સોની વેપારીઓનો વિશ્વાસ કેળવી સમયાંતરે લાખો રૂપિયાનું સોનું લઈ રફુચક્કર થઈ જતા હોય છે ત્યારે વધુ એક સોની વેપારીને ત્યાં ૫ અને ૮ વર્ષથી કામ કરતા ૪ બંગાળી કારીગરો ૧ કરોડ ૮ લાખ ૯૧ હજાર ૬૦૦ રૂપિયાની ૧૪૬૭ ગ્રામ સોનું લઈ ફોન બંધ કરી, મકાનને તાળા મારી નાશી જતા એ ડીવીઝન પોલીસમાં છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાઈ છે.

જાગનાથ પ્લોટમાં રહેતા અને કરણપરામાં જી.કે. ડી.વેલ્સ પ્રાઈવેટ લીમીટેડ નામે ૧૩ વર્ષથી સોનાના દાગીના બનાવવાનું કારખાનું ધરાવતા નીરજભાઈ ગીરીશભાઈ ધાનક ઉ.૪૨એ મૂળ પશ્ચિમ બંગાળના હાલ વર્ધમાનનગરમાં રહેતા પ્યાસ કાંતિ તરુણકુમાર પંડિત, વાણીયાવાડીમાં રહેતા અનીસુર સાબીદઅલી રહેમાન, જીલ્લા ગાર્ડન ચોકમાં રહેતા અસીમ અજય મંડલ અને રામનાથપરામાં રહેતા રહીમઅલી રજાબઅલી સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૫ વર્ષથી નોકરી કરતા પ્યાસને ૭-૧૧થી ૯-૧૨-૨૪ સુધીમાં ૮૫૯૯.૭૧૦ ગ્રામ સોનું બંગડી બનાવવા આપ્યું હતું તેણે ૭૭૪૯.૭૧૦ ગ્રામ સોનું પરત આપ્યું હતું તેની પાસેથી ૬૦.૮૮ લાખનું ૮૨૦ ગ્રામ સોનું લેવાનું બાકી છે ૪ વર્ષથી નોકરી કરતા અનીસુરને ૧૧૫૩૯.૧૫૦ ગ્રામ સોનું બંગડી બનાવવા આપ્યું હતું તેણે ૧૧૪૫૨.૧૫૦ ગ્રામ પરત આપ્યું હતું તેની પાસેથી ૬,૪૫,૯૦૦નું ૮૭ ગ્રામ સોનું લેવાનું બાકી હતું ૫ વર્ષથી નોકરી કરતા અસીમને ૪૩૮૦.૧૦ ગ્રામ સોનું બંગડી બનાવવા આપ્યું હતું તેણે ૪૧૧૪ ગ્રામ સોનું પરત આપ્યું હતું તેની પાસેથી ૧૯,૭૪,૯૦૦નું ૨૬૬ ગ્રામ સોનું લેવાનું બાકી છે ૮ વર્ષથી નોકરી કરતા રહીમઅલીને ૧૭૯૫૦.૫૮૦ ગ્રામ સોનું આપ્યું હતું તેણે ૧૭૬૫૬.૫૮૦ ગ્રામ સોનું પરત આપ્યું હતું તેની પાસેથી ૨૧,૮૨,૮૦૦નું ૨૯૪ ગ્રામ સોનું પરત લેવાનું બાકી હતું પ્યાસને ૯ ડિસેમ્બરે અને અનીસુર, અસીમ અને રહીમઅલીને ૧૦ ડિસેમ્બરે ફોન કરતા ફોન બંધ આવતા હોય ચારેયના ઘરે તપાસ કરતા ઘરને પણ તાળા હોય ચારેય ૧૪૬૭ ગ્રામ સોનું લઈ નાસી છૂટયા હોય ફરિયાદ નોંધાવતા પીઆઈ બારોટે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

